# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/141 Dt. 17/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરત અને સાર્વજનિક યુનિવર્સિટી– સુરત વચ્ચે વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ, ઉદ્યોગ તાલિમ, પ્લેસમેન્ટ સુવિધા અને સ્કિલ ડેવલપમેન્ટ જેવા મુદ્દાઓને લઇને સમજૂતિ કરાર થયા

### ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેના અંતરને દુર કરી વિદ્યાર્થીઓને વ્યવસાયિક રીતે સક્ષમ બનાવવાના પ્રયત્નના ભાગ રૂપે સમજૂતિ કરાર કર્યા છે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

### વિદ્યાર્થીઓ ઈન્ટરશિપ દ્વારા ઉદ્યોગના કામકાજ, મેનેજમેન્ટ પદ્ધતિઓ, માર્કેટિંગ, એકાઉન્ટિંગ, પ્રોડકશન પ્રોસેસ અને વ્યવસાય સંબંધિત નિયમો અંગે પ્રેક્ટિકલ અનુભવ મેળવી શકશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરત અને સાર્વજનિક યુનિવર્સિટી– સુરત સાથે વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ, ઉદ્યોગ તાલિમ, પ્લેસમેન્ટ સુવિધા, સ્કિલ ડેવલપમેન્ટ, ઉદ્યોગ–શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહકાર જેવા મહત્વના મુદ્દાઓને લઇને સમજૂતિ કરાર કર્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી– સુરતના ચેરમેન તેમજ સાર્વજનિક યુનિવર્સિટી– સુરતના પ્રેસિડેન્ટ શ્રી ભરતભાઇ શાહે સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી કેતન દેસાઇ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સમજૂતિ કરારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ચેમ્બર અને અન્ય વ્યાપાર–ઉદ્યોગ સંબંધિત સંસ્થાઓમાં ઈન્ટરશિપ કરવાનો અવસર પૂરો પાડવાનો છે, જેથી તેમને ઉદ્યોગ ક્ષેત્રનું પ્રેક્ટિકલ નોલેજ મળી શકે. વિદ્યાર્થીઓ ઈન્ટરશિપ દ્વારા ઉદ્યોગના રોજબરોજના કામકાજ, મેનેજમેન્ટ પદ્ધતિઓ, માર્કેટિંગ, એકાઉન્ટિંગ, પ્રોડકશન પ્રોસેસ અને વ્યવસાય સંબંધિત નિયમો અંગે પ્રેક્ટિકલ અનુભવ મેળવી શકશે. આ પ્રોગ્રામથી વિદ્યાર્થીઓને રોજગાર માટે વધુ સજ્જ થવાની સાથે તેમનું વ્યાવસાયિક પ્રોફાઇલ પણ મજબૂત બનશે. સમજૂતિ કરાર ઉદ્યોગ અને શિક્ષણ જગત વચ્ચેના અંતરને દુર કરવા અને વિદ્યાર્થીઓને વ્યવસાયિક રીતે સક્ષમ બનાવવાના પ્રયત્નના ભાગ રૂપે કરવામાં આવ્યા છે.

શ્રી ભરતભાઇ શાહે જણાવ્યું હતું કે, સાર્વજનિક યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ પ્રોફાઈલ અને સ્કિલ સેટ્સ ચેમ્બરની સાથે શેર કરવામાં આવશે, જેથી યોગ્ય ઉમેદવારોને યોગ્ય તકો મેળવવા માટે સરળતા રહે. વિદ્યાર્થીઓને રોજગાર મળી રહે તે માટે સંયુક્ત વર્કશોપ, સર્ટિફિકેશન પ્રોગ્રામ્સ, મોક ઈન્ટરવ્યુઝ અને સોફટ સ્કિલ્સ ટ્રેઇનિંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ચેમ્બર એચઆર હેડ્સ, રિક્રુટર્સ અને ડોમેન એકસપર્ટ્સની સાથે મળીને સેમિનારો કરશે, આ નિષ્ણાતો વિદ્યાર્થીઓને કરિયર પ્લાનિંગ, ઉદ્યોગ સાહસિકતા અને સ્પેશિયલ ટ્રેન્ડ્સ અંગે માર્ગદર્શન આપશે.

સમજૂતિ કરાર મુજબ, ચેમ્બર તેના ઉદ્યોગકાર સભ્યો અને વ્યવસાયિક સંસ્થાઓ સાથે સહયોગ કરીને સાર્વજનિક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ અને ઉદ્યોગ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરશે, જેથી વિદ્યાર્થીઓને વ્યવસાયિક અનુભવ મળી શકે. પ્લેસમેન્ટ સુવિધા અંતર્ગત ચેમ્બર ઉદ્યોગ જગતમાં ખાલી જગ્યાઓની માહિતી શેર કરીને, રિક્રૂટમેન્ટ ડ્રાઈવ, કેરિયર ફેર અને ઉદ્યોગ–વિદ્યાર્થી સંવાદ સેમિનારોનું આયોજન કરીને વિદ્યાર્થીઓ માટે રોજગારી સુવિધા પ્રદાન કરશે.

આ ઉપરાંત, જોબ ફેર, ઇનોવેશન શો કેસ, ઉદ્યોગની મુલાકાતો, કેરિયર કોન્કલેવ વિગેરે કાર્યક્રમો બંને સંસ્થાઓ સાથે મળીને કરશે. આ સમજૂતિ કરારથી વિદ્યાર્થીઓને આધુનિક ઉદ્યોગ સાહસિકતા માટે તૈયાર કરવામાં મદદ મળશે, તેમનામાં કારકિર્દી વિકાસ માટેના મહત્વના ગુણોનો સમાવેશ થશે અને ઉદ્યોગ–શૈક્ષણિક સંબંધ વધુ મજબૂત બનશે.